# કાચ્છઈ ગામ ખાતે કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા ખેડૂત શિબિર યોજાઈ

કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી, મહેમદાવાદ તાલુકાના કાચ્છઈ ગામે કુલપતિ ડૉ. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલ કૃષિ માટેની તાલીમમાં ડૉ. ડી. બી. પ્રજાપતિ, સહ સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ અધિકારી, કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા ડાંગર તેમજ શાકભાજી પાકો ઉપર સંશોધિત નવીન જાતો અને તાંત્રિકતાઓનો સમન્વય કરી નફાકારક ખેતી ઉપર માર્ગદર્શન આપવામાં આવેલ હતુ, ડૉ. એસ. એસ. થોરાટ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, ચોખા સંશોધન કેન્દ્ર, નવાગામએ ડાંગરમાં સંકલિત જીવાત નિયંત્રણ ઉપર માર્ગદર્શન આપવામાં આવેલ હતુ, ડૉ. ભરતભાઈ ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણ શાસ્ત્રી દ્વારા ખેત વ્યવસ્થાપન, ખેતીમાં મૂલ્યવર્ધનના ફાયદા, વગેરે વિષયો અંગે માહિતી આપેલ હતી. જેમાં ૮૦ ખેડૂતોએ ખૂબ જ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને અમલીકરણ ડૉ. ભરતભાઈ ઠક્કર અને ડૉ. તારક પટેલે કરેલ હતું.



